## જન્મદિને વધામણી



રમાબેન બી ઠાકર
ફોન : ૨૩૨૪૧૦૧૬
મો. ૯૦૩૩૫ ૭૧૯૦૫



કમલેશ એસ બેન્કર



ધૃવિલ કે થારેશા
મો. ૮૭૩૫૮ ૮૩૯૧૨

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

\- સંપાદક

# ચૈતન્ય સ્કૂલ ખાતે લશ્કરનો વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ







વિદ્યાર્થીઓને લશ્કરમાં જોડાવા અંગેની વિવિધ તકોથી માહિતગાર કરવા માટે અને તેમને આ માટે પ્રોત્સાહિત કરવા માટે એક સંવાદ કાર્યક્રમનું આયોજન ચૈતન્ય સ્કૂલ ખાતે કરવામાં આવ્યું હતું. ગોલ્ડન કતાર ડિવિઝન વતી પ્રભાત અલી બ્રિગેડ દ્વારા આ સંવાદ કાર્યક્રમ બુધવારે યોજવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં આ સંવાદ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. સૈનિકોની નિષ્ઠા, શિસ્ત અને વતનપરસ્તી જોઈને વિદ્યાર્થીઓ ભારે પ્રભાવિત થયા હતા. સૈનિકોએ વિવિધ શસ્ત્રો અને ઈન્ડિયન આર્મીને લગતી ફિલ્મનું નિદર્શન વિદ્યાર્થીઓ સમક્ષ કર્યું હતું. વિદ્યાર્થીઓને લશ્કરમાં જોડાવા અંગે પ્રોત્સાહિત કરવાનો આ પ્રયાસ ઘણો સફળ નીવડ્યો હતો.

# બીસીએ કૉલેજમાં ફેરવેલ સાથે વાર્ષિક મહોત્સવ

ગાંધીનગર, તા. ૫

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ-બીસીએના વિદ્યાર્થીઓને વર્ષ દરમિયાનની તેમની વિવિધ ક્ષેત્રે કરેલી પ્રગતિને બિરદાવવાનો કાર્યક્રમ-વાર્ષિક ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના ડાયરેક્ટર ડો. સંજય શાહ દ્વારા વિદ્યાર્થીઓ અને મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને સમગ્ર વર્ષ દરમિયાન કોલેજનાં પ્રધ્યાપકો અને વિદ્યાર્થીઓ દ્વારા થયેલ કાર્યોનાં અહેવાલનું વાંચન કરવામાં આવ્યું હતું. તેઓએ ડાયમંડનાં ઉદાહરણ સાથે જણાવ્યું હતું કે ઘણી વખત ડાયમંડ-સફળતા આપણી પાસે હોય અને આપણે તેને છોડીને બીજે શોધવા નીકળી પાડીએ છીએ. જરૂર છે માત્ર તેને ઓળખવાની. માટે સફળતાની શોધમાં અન્ય સ્થળે ભટક્યા કરતાં તમારી આસપાસના તમારા મિત્રો કે મેન્ટરને ઓળખો અને મહેનત કરી સફળ થાઓ. આ કાર્યક્રમમાં મહેમાન તરીકે ગાંધીનગર સમચારના તંત્રી અને ગાંધીનગર કલ્ચરલ ફોરમના સ્થાપક કૃષ્ણકાંત ઝા અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગરના પ્રમુખ ડો. કનુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ સમારંભમાં કૃષ્ણકાંત ઝાએ ખૂબ જ મનનીય અને લાગણીસભર વ્યકતવ્ય આપતા જણાવ્યુ હતું કે વિદ્યાર્થી કાળમાં કે સમગ્ર જીવનમાં ગમે તેટલા સંઘર્ષ કરવા પડે, માન-અપમાન પણ થાય પરંતુ પોતાના લક્ષને વળગીને આગળ વધતો રહે એ જ સાચો વિદ્યાર્થી. સાથે તેમણે



પોતાના સ્વાનુભવો વર્ણવી વિદ્યાર્થીઓને જીવનમાં આવતી મુશ્કેલીઓનો સામનો કરતાં-કરતાં જ આગળ વધવાની આહલેક જગાવી હતી. સમારંભના અતિથિ વિશેષ ડો. કનુભાઈ પટેલે વિદાય લેતા સેમેસ્ટર-૬ના વિદ્યાર્થીઓને ભવિષ્યમાં ઉત્તારોત્તાર આગળ વધવાની શુભેચ્છા આપી હતી.

આ કાર્યક્રમમાં ૧૦૦% હાજરી, સ્ટુડન્ટ ઓફ ધ યર, બેસ્ટ એકેડેમીક પર્ફોમન્સ, પ્લેસમેંટ, સ્પોર્ટ્સ, સ્પેશિયલ એચિવમેન્ટ, ઉદ્યોગ સાહસિકતા, સોશિયલ કન્ટ્રીબ્યુશન, હેલ્પિંગ હેન્ડ, બેસ્ટ પ્રોજેકટ, અને મોસ્ટ પ્રોમિસિંગ સ્ટુડન્ટ જેવી વિવિધ ૧૦ કેટેગરીમાં કુલ ૧૪૭ વિદ્યાર્થીઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ વર્ષના સ્ટુડન્ટ ઓફ ધ યર તરીકે બી.સી.એ. સેમિસ્ટર-૬નાં અભિજિત રાયજાદાને કમીટી દ્વારા પસંદ કરવામાં આવ્યા હતા. આ સાથે છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. વિદાય સમારંભમા વિદ્યાર્થીઓએ પોતાના પ્રતિભાવો વ્યક્ત કર્યા હતા. કોલેજ દ્વારા છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓ માટે વિશિષ્ટ રીતે ઉજવાયેલા આ ફેરવેલનું આયોજન કોલેજના ડાયરેક્ટર ડો. સંજય એમ. શાહના માર્ગદર્શન હેઠળ સમગ્ર કોલેજ પરિવાર વતી સફળતા પૂર્વક સંપન્ન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો. જૈમિની કુલકર્ણીએ તેમની આગવી શૈલીમાં કર્યું હતું. આ કાર્યક્રમના અંતે કોલેજ કો-ઓર્ડિનેટર પ્રો. રૂપેશ વ્યાસે સૌનો આભાર માન્યો હતો.

### ટીચીંગ અને લર્નિંગ રિસોર્સ તથા પ્રસાર અને સમાવેશિતા બાબતે

# 'નાઈપર'ને દેશમાં ટોચનું સ્થાન મળ્યું

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરના પાલજ ખાતે કાર્યરત નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઑફ ફાર્માસ્યુટીકલ ઍજ્યુકેશન ઍન્ડ રિસર્ચને ભારતની ફાર્મા શિક્ષણ અનો સંશોધનની તમામ સંસ્થાઓમાંથી ટીચીંગ અનો લર્નિંગ રિસોર્સ તથા પ્રસાર અને સમાવેશિતા નામના બે પ્રતિષ્ઠિત વિભાગોમાં પ્રથમ રૅન્ક પ્રાપ્ત થયો છે. ભારત સરકારના માનવ સંસાધન મંત્રાલયના નેશનલ ઈન્સ્ટીટ્યુટશનલ રેન્કીંગ ફ્રેમવર્ક દ્વારા બહાર પાડવામાં આવેલ ઓલ ઈન્ડિયા રેન્કિંગની વિજ્ઞાન ભવન, નવી દિલ્હી ખાતે માનવ સંસાધન મંત્રી પ્રકાશ જાવડેકર દ્વારા જાહેરાત કરવામાં આવી હતી. 'નાઈપર'નો નેશનલ ઈન્સ્ટીટ્યુટ રેન્કિંગ ફ્રેમવર્ક દ્વારા સમગ્ર ભારતમાં ફાર્મા રેન્કિંગમાં



પ્રથમ ક્રમ અને એકંદર રેન્કિંગમાં ૧૪મો ક્રમ પ્રાપ્ત થયો છે.

રેન્કિંગ વધુ માહિતી આપતાં પ્રૉ. કિરણ કાલિયાએ જણાવ્યું હતું કે 'બે કેટેગરીમાં ટોચના સ્થાને રહેવા બદલ અનો એનઆઈઆરએફ દ્વારા બહુમાન બદલ અમે ખૂબ જ સન્માનની લાગણી અનુભવીએ છીએ. અમે અન્ય વિભાગોમાં પણ શ્રેષ્ઠ કામગીરી દર્શાવવા પ્રયત્નશીલ રહીશું. અમને મળેલા સન્માનની સાથે સાથે અમે અમારા અભ્યાસક્રમ અને માળખાગત સુવિધાઓને આગળ ધપાવીશું.'

નાઈપર, અમદાવાદની સ્થાપના વર્ષ ૨૦૦૭માં કૅમિકલ અને ફર્ટીલાઈઝર મંત્રાલયના ફાર્માસ્યુટીકલ વિભાગ દ્વારા વિઝનરી દૃષ્ટિકોણથી કરવામાં આવી હતી. બાયોટેકનોલોજી, નેચરલ પ્રોડક્ટ્સ અને ફાર્માસ્યુટિકલ્સ જેવાં ૩ સ્પેશિયલાઈઝેશન સાથે તેનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. સમય જતાં ૨૦૧૦માં તેમાં ફાર્માસ્યુટિકલ એનાલિસીસ, મેડિસનલ કેમિસ્ટ્રી અને ફાર્મોકોલોજી જેવાં ૩ અન્ય સ્પેશિયલાઈઝેશનનો ઉમેરો કરવામાં આવ્યો હતો. તે પછી વર્ષ ૨૦૧૧માં ભારતના મેડિકલ ડિવાઈસ ઉદ્યોગની માગ સંતોષવા નાઈપરના યશમાં વધારો થાય તેવો મેડિકલ ડિવાઈસીસમાં સ્પેશિયલાઈઝેશનનો નવો વિભાગ ઉમેરવામાં આવ્યો હતો.'

# રેડિયન્ટ સ્કૂલ ઑફ સાયન્સ દ્વારા વિદ્યાર્થીઓને મૅડલ અને સર્ટીફિકેટ



સરગાસણ સ્થિત રેડિયન્ટ સ્કૂલ ઑફ સાયન્સમાં ધોરણ-૧થી ૮ (ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ)ના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮મા સ્પોર્ટ્સ ઈવેન્ટ્સમાં વ્યક્તિગત તેમજ ટીમ ઈવેન્ટમાં પ્રથમ, દ્વિતિય અને તૃતિય સ્થાન પ્રાપ્ત કરનાર સ્પર્ધક વિદ્યાર્થી ભાઈઓ-બહેનોને મૅડલ સર્ટીફિકેટ એનાયત કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સંસ્થાના મેનેજિંગ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જી ટી શનિયારા, કૅમ્પસ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જે બી વામજા, હેડ કો-ઓર્ડિનેટર, કો-ઓર્ડિનેટર્સ તથા શિક્ષકોના વરદ્ હસ્તે વિજેતા સ્પર્ધક વિદ્યાર્થીઓને પ્રોત્સાહનરૂપે ગોલ્ડ, સિલ્વર, બ્રોન્ઝ મેડલ તથા સર્ટીફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને તેમના ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ બિરદાવવામાં આવ્યા અને ભવિષ્યમાં પણ તેઓ આ જ રીતનું પ્રદર્શન દરેક ક્ષેત્રમાં જાળવી રાખે તેવી શાળા મેનેજમેન્ટે અભ્યર્થના સેવી હતી.

# શક્તિનો ઉપયોગ શાસન સેવા માટે થાય : રત્નસુંદરવિજયજી

### મુમુક્ષુ ધૈર્યને દીક્ષાનું અને અંજનશલાકા પ્રતિષ્ઠા મુહૂર્ત પ્રદાન થયું : ૩૨૭મા પુસ્તકનું વિમોચન થયું

ગાંધીનગર, તા. ૫

દીક્ષા દિન પ્રસંગે ચતુર્વિધ સંઘ સમક્ષ નતમસ્તકે માગણી કરું કે જીવન સરસ ચાલે, દેવ-ગુરુની કૃપા અનરાધાર વરસતી રહે, જેટલી પણ શક્તિ મળી છે, એનો ઉપયોગ શાસનની સેવા માટે કરી શકું, એમ ગચ્છાધિપતિ આચાર્ય જયઘોષસૂરિજીના આશીર્વાદ સાથે પદ્મભૂષણ પુરસ્કૃત જૈનાચાર્ય રત્નસુંદરસૂરિજીએ ૫૧મા દીક્ષા દિન નિમિત્તે જણાવ્યું હતું. આ પ્રસંગે આચાર્ય મહાબોધિસૂરીશ્વરજી સહિત મોટી સંખ્યામાં ઉપસ્થિત સાધુ-સાધ્વીજી ભગવંતો, વિધાનસભાનાં અધ્યક્ષ રાજેન્દ્રભાઈ ત્રિવેદી, શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ધારાસભ્ય રાકેશભાઈ શાહ, જૈન અગ્રણી કુમારપાળ વી. શાહ, કલ્પેશભાઈ વી.શાહ, પલકભાઈ શાહ, અંકિતભાઈ ત્રિવેદી, પૂર્વ મેયર અમિત શાહ સહિત વિવિધ ક્ષેત્રનાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. ઉલ્લેખનીય છે કે જૈનાચાર્ય રત્નસુંદરસૂરીશ્વરજીને આચાર્ય મહાબોધિસૂરીશ્વરાએ અને શ્રાવકવર્ય કુમારપાળભાઈએ ગચ્છાધિપતિ આચાર્ય જયઘોષસૂરીશ્વરજીની અનુજ્ઞા-આશીર્વાદ સાથે 'રાજપ્રતિબોધક'નું બિરુદ પ્રદાન કર્યુ હતું. સાથે જ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દીક્ષાદિવસની વધામણી પાઠવી હતી. આ પ્રસંગે ૧૪ વર્ષીય મુમુક્ષુ ધૈર્યને દીક્ષાનું મુહૂર્ત અને અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવનું પણ મુહૂર્ત પ્રદાન કરાયું. સાથે જ રત્નસુંદરવિજયજી લિખિત ૩૨૭મા પુસ્તક 'બીજા નંબરનું પાનું'નું વિમોચન થયું અને જૈનાચાર્ય લિખિત 'લખી રાખો આરસની તકતી પર' પુસ્તકનો સંસ્કૃત અનુવાદનું પણ વિમોચન થયું. પદ્મભૂષણ પુરસ્કૃત જૈનાચાર્ય રત્નસુંદરસૂરિજી મ.સા.એ ૫૧મા દીક્ષા દિન નિમિત્તે જણાવ્યું કે પ્રભુ મહાવીરનાં શાસનમાં વ્રતમાં અહિંસાની પ્રતિષ્ઠા થાય, ભાવનામાં મૈત્રી આવે, હૃદયમાં કર્મનો સિદ્ધાંત આવી જાય અને દૃષ્ટિ અનેકાંત બની જાય, શ્રેષ્ઠ કોટિનો રસ હોય એવો શાંત રસ પ્રગટે, ઉત્તમ ગુણ ઉપશમ ભાવ આવી જાય તો ચારિત્રની સાર્થકતા, સફળતા, સરસતા છે. આ પ્રસંગે દેશ-વિદેશના ૧૦,૦૦૦થી વધુ ગુરુભક્તો ઊમટી પડ્યા હતા.

# નાણાંકીય વ્યવહારો, બૅન્કિંગ અને સાયબર ક્રાઈમ્સની ચિંતા

સબ કા સાથ, સબ કા વિકાસનું સૂત્ર છેક દિલ-દિમાગમાં બધાંને સરળતાથી ઊતરી ગયું છે અને પ્રજાને એવી એક શ્રદ્ધા છે કે જે કંઈ સરકાર કરી રહી છે તેનાથી જનજીવનમાં આમુલ પરિવર્તન જરૂર આવશે. પ્રશ્નો નવા નવા આવે છે અને ટ્રાય એન્ડ ઍરરના સિદ્ધાંત મુજબ બધા પ્રકારની અજમાઈશ અર્થતંત્રમાં શુભ દાનતથી કરવામાં રહી છે. નોટબંધી અને જીઍસટી દ્વારા નવભારત કલેવરનાં શ્રીગણેશ કર્યા છે પણ હજી ડિજિટલ ઈન્ડિયા માટે જનમાનસ તૈયાર થયું નથી. અલબત્ત, નાણાંની જગ્યાએ ઍપ્સ, એટીઍમ, ઈન્ટરનેટ બૅન્કિંગથી થતા નાણાંકીય વ્યવહારો જરૂર વધ્યા છે. પરિવર્તન હંમેશાં પીડાકારક હોય છે જ. વિશ્વમાં પ્રથમ સાયબર હુમલો ૧૯૯૫થી ૧૯૯૮ દરમિયાન થયો હતો અને ઘણા દેશોની સરકાર આમાં બેચેન થઈ હતી. રિઝર્વ બૅન્ક આપણા દેશના બૅન્કિંગ ઉપર અંકુશ, નિયમન રાખે છે. મતલબ કે તેની આગેવાની હેઠળ બૅન્કો ટેકનોલૉજીમાં પણ નવા નવા આયામોને જગ્યા આપે છે. ડીજીટલ ટ્રાન્જેકશન આવ્યાં આટલે સાયબર ઍટેકનો ભય પણ આવેલો જ છે. આખી સિસ્ટમમાંથી ક્યાંથી ઘૂસી શકાય તેમ છે તેની સતત નજર સાયબર ઍટેક કરનાર એકમોની સતત રહે છે. એક બાજુ બધાં જરૂરી સેવાકીય ક્ષેત્રોમાં આધાર કાર્ડ જોડવાનું અભિયાન ચાલે છે કે જેના માટે દેશની સુપ્રિમ કોર્ટ સહમત નથી. હવે લોકશિક્ષણ ડિજીટલનું વ્યાપક થયું નથી. અરે એટીઍમમાં જઈ પૈસા મેળવવામાં પચાસ ટકા લોકો હજી ભૂલો કરે છે અથવા બીજાની મદદથી કામ પતાવે છે. તેઓને એપ્લીકેશન્સ (ઍપ્સ)ની મદદથી વ્યવહારો કરવાની હિંમત નથી અથવા પદ્ધતિ વિશે અજ્ઞાનતા ભારોભાર છે. પેટીએમ કે ભીમ પ્રથા સારા છે પણ વહીવટ કરવામાં આત્મવિશાવાસ અને જાણકારી નથી તે હકીકત છે.





જીવન ઉપવન

મહેન્દ્ર એમ ત્રિવેદી

mmtrivedi007@gmail.com

ટૅકનોલોજીનો વ્યાપ વધ્યો તેમ ગ્રાહકો ઈ-કોર્નરમાં જઈ નિરાધાર થઈ, ભટકીને, અથડાઈને, હેરાન થઈને કામ શીખી રહ્યા છે. એનપીસીઆઈ (નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા)ની ભૂમિકા પ્રશંસનીય કહેવાય કે જે આ બધા ડિજીટલ વ્યવહારોને સાકાર કરે છે. બેન્કો બેન્કો વચ્ચેના વ્યવહારોને ટેકનોલોજીના માધ્યમથી તે પૂરા કરી આપે છે. પ્રધાનમંત્રીનું એક ભવ્ય સ્વપ્ન છે કે રાષ્ટ્રને કૅશલેસ તથા લેસકેશ બનાવવું પરંતુ બેન્કો પાસે પૂરતો સ્ટાફ નથી અને લોક પ્રશિક્ષણની આ માટે નક્કર વ્યવસ્થા દેખાતી નથી. બધી ફાઈનાન્શિયલ સર્વિસીઝના મૂળિયા ડિજીટલ છે અને સાયબર ક્રિમીનલ્સ બેન્કનાં નબળા લોકોનો સાથ લઈ સિસ્ટમમાં છિદ્રો શોધે છે અથવા છિદ્રો પાડે છે.

સેબી, રિઝર્વ બૅન્ક, ઈરડા, સાઈબર સિક્યુરિટીના મુદ્દા પર કાર્યરત રહે છે તેમ છતાં રેન્સમ વેર જેવા હૂમલામાં એક્સિસ બેન્ક, એચડીએફસી અને સ્ટેટ બેન્કના નવા ડેટા હેક થયા હતા જેના કારણે રાતોરાત બેન્કોએ નવા ડેબિટ કાર્ડ તેના ગ્રાહકોને ઈશ્યૂ કર્યા અને જબરી આર્થિક હાનિના વાવાઝોડાને રોક્યું હતું. આર્મીના ડેટા પણ હેક થઈ ગયાના ઉદાહરણો જાણવા મળે છે. સરકાર ભલે કહે કે બધું ખૂબ જ સલામત છે પરંતુ હકીકત ઘણી ગંભીર છે. કેમ કે ફૂલપ્રૂફ આર્કિટેક્ચર બનાવવું અતિ કપરૂં છે તેની નોંધ લેવી જ જોઈએ. બેન્કોમાં ૨૦૧૭-૧૮માં જે આર્થિક કૌભાંડો બહાર આવ્યા તે જોતાં લોકોનો બેન્કો ઉપરથી વિશ્વાસ ડગી જ ગયો છે એ પ્રશ્ન એનપીએનો વધુ છે તો બીજી તરફ હવે ડિજિટલ બેઝ્ડ બેન્કિંગને સુરક્ષા ક્યાંથી, કેટલી મળશે તે વિશે ઘણી શંકાઓ જાગી છે. બચતો થાય તેવું રહ્યું નથી, વ્યાજદર ઘટી રહ્યા છે. હવે જે નાણાં ખાતામાં જમા છે તેની સુરક્ષા માટે પ્રજાને જબરી ચિંતા ઘૂસી ગઈ છે.

બધી જ મૂંઝવણનો જવાબ એ દેખાય છે કે નાણાંકીય વ્યવહારોમાં પ્રત્યેક ગ્રાહકે સ્વયંને જાગૃત રાખવો જ પડે તો કદાચ પોતાનાં નાણાંની હાનિ થાય નહીં. સિસ્ટમ સૌ માટે સમાન છે પણ બધાની જાગૃતિ એકસમાન નથી. મહત્ત્વની માહિતીઓનું વહન કરતી અન્ય નેટવર્ક જો સુરક્ષિત ના હોય તો એ સિસ્ટમ ભેદવી બહુ અઘરી નથી તેવું સાયબર હુમલાખોર માની રહ્યા છે. સાયબર ઍટેકથી ધંધાકીય વ્યવહારો ઉપર પણ અવળી અસર પડે છે. હૅકર્સ નાણાં પડાવવા આ પ્રકારે ડેટા હૅક કરતા હોય છે, જેનું નેટવર્ક પૂરું વિશ્વ હોય છે. ટૂંકમાં, આગામી વર્ષોમાં સાયબર સલામતીના પ્રશ્ને સરકારે પૂરું નેટવર્ક ઝડપથી તૈયાર કરી અમલી બનાવવું પડશે. હવે મોબાઈલથી પણ લોકો ભય ધરાવતા થયા છે. નાણાં, પુરૂષાર્થ અને આયોજનથી કામ કર્યા બાદ મળે એ જો સુરક્ષિત હોય નહીં તો બધી પ્રવૃત્તિનો અર્થ શો ? ખૂબ જ ચિંતાકારક મુદ્દો છે અને સરકાર ધ્યાન આપે તેવી અપેક્ષા છે.

**શેર આસ્વાદ**

દિલનાં અસહ્ય દર્દનો
બીજો વિકલ્પ ક્યાં ?
પાડી શક્યો ના ચીસ તો
મૂંગો બની ગયો.